# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન ● વર્ષ : ૩ ● સળંગ અંક : ૧૮૬ ● તા.૦૧ જાન્યુઆરી થી ૦૭ જાન્યુઆરી ૨૦૨૧



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




# હારજો હિમ્મત થી પણ હિમ્મત ન હારતા

# દીપેશ ધરમશીનો જીવનમંત્ર

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

Life Member





# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


-: સંપાદક ગણ :-

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી



-: કાર્યાલય :-

પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

જ્ઞાતિમૈયા હવે નેટ પર....

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# સારાં નરસાં પાસાં સોશિયલ મીડિયાના

દરેક ચીજના બે પાસાં હોય છે. દરેક વિચાર, દરેક સાધન, વ્યક્તિ કે દરેક પગલાના ગુણ-અવગુણ ધરાવતા ગુણધર્મો હોય છે. જેમ ચપ્પુ રસોડામાં અનેક રીતે ઉપયોગી છે પણ એ જ ચપ્પુ હથિયાર તરીકે, શસ્ત્ર તરીકે વપરાય શકે તો ઘાતક નિવડે છે. કોઈપણ વસ્તુનો અતિ ઉપયોગ હાનિકારક છે. દવાના અમુક ટીપાં રોગથી સ્વસ્થ બનવા માટેનું સારો માધ્યમ બની શકે છે એ જ દવાનો વધુ પડતો ડોઝ જીવન હાનિ માટેનું કારણ બની શકે છે.

આજે દિવસો દિવસ વિજ્ઞાનના આવિષ્કાર થતા રહે છે. અગાઉના જમાનામાં રોગો ઘરેલુ પ્રયોગોથી કે આયુર્વેદિક ઔષધ કે કુદરતી નુસખાથી સારા થઈ જતા હતા. જેમ સમય જતો ગયો તેમ તેમ નવી દવાઓ, દર્દ-બીમારીની જડ જાણવા માટે નિત નવા મશીનો, મોર્ડન ઉપચાર પધ્ધતિઓ શોધાતી ગઈ તેમ તેમ અવનવા રોગો પણ પોતાનો પ્રભાવ બતાડતા રહે છે. જે અગાઉ અસાધ્ય રોગ ગણાતા હતા એ હવે ઈલાજના બળે મટે છે તો તેની સામે બીજા નવા રોગો પોતાનો પ્રભાવ પ્રસરતા રહ્યાં છે.

આવી જ રીતે સંદેશ વ્યવહારમા ટેક્નોલોજીના પ્રતાપે ચોવીસ કલાકે સૌ એકબીજાના સંપર્કમાં રહી શકે છે. લાંબે-નજીક રહેતા વીડિયો કોલ દ્વારા એકબીજાને જોઈને વાર્તાલાપ કરી શકે છે. વોટસએપ જેવા ચર્ચાના ચોતરામાં પોતાના સર્કલ સાથે વિચારો ચિત્રો, કે પ્રસંગ ફિલ્મો દ્વારા નિકટમાં રહે છે.

સોશિયલ મીડિયાનો છંદ દિવસો દિવસ વધતો જાય છે. ખાસ કરીને મહિલાઓ અને યુવાવર્ગમાં વોટસએપ, ઈન્ટસ્ટ્રાગ્રામ, ફેસબુક, ટિવટર, હાઈક તેમજ અન્ય એવા કેટલાય એપ દ્વારા સંદેશા કે માહિતીની આપ લે સાથોસાથ મનોરંજનનો આનંદ પણ માણી શકે છે. આ બધા એવા માધ્યમ છે જેમાં અજાણી વ્યક્તિ સાથે વાતચીત થઈ શકે છે. આ બધી ટેકનોલોજીના બે પાસાં છે નેગેટિવ અને પોઝિટિવ.

જે કામ કરવામાં જે માહિતી, ડોક્યુમેન્ટ થિયરી સામેની વ્યક્તિને પહોંચાડવા કલાકો કે દિવસો લાગી જતા એ કામો હવે ઝડપી અને સુલભ રીતે થવા લાગ્યા છે. સોશિયલ મીડિયાના માધ્યમથી સારા વિચારો, ઉપદેશ અને હકારાત્મક વાતોને સંદેશાઓ ઝડપથી સૌને આપી શકાય છે. તો અફવા કે નિંદાભરી, ટીકાત્મક વાતો, ધડમાથા વગરના સંદેશાઓ આ માધ્યમ દ્વારા ઝડપથી પ્રસરાવી શકાય છે. હાલમાં જ કાશ્મીરમાં તથા દેશભરમાં તંગદિલી ફેલાવવા કે સરકારના વિરોધમાં ઝડપી રીતે કોઈપણ નેગેટિવ સંદેશ પ્રસરાવી ટોળા રસ્તા પર જમા કરી હિંસા માટે ઉશ્કેરવું સહેલું પડે છે. આવા તોફાની ગેરસામાજિક તત્વો આ ટેકનોલોજીના માધ્યમનો ઉપયોગ કરી દેશભરનો માહોલ ખરાબ કરી શકે છે.

ખાસ કરીને આજની યુવા પેઢી સમજી, વિચારીને સોશિયલ મીડિયાનો ઉપયોગ કરે તો એમને માટે સારું રહેશે. વડીલોએ પણ પોતાના સંતાનો-દીકરીઓને આ બાબતે સમજણ આપે એ જરૂરી છે.

- જય જ્ઞાતિમૈયા

# સફળ-ગૃહસ્થાશ્રમ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

પરિણય જીવનમાં પગલું પાડવું એટલે ગૃહસ્થાશ્રમના પ્રવેશનું અનિવાર્ય પગથિયું. સંતાનો ભણી ગણીને મોટા થાય. ભણીને પોતાની કારકિર્દી જમાવે ને પગભર થાય એટલે પરિવારના વડીલો, માતા-પિતા ઈચ્છે કે સંતાન. પુત્ર હોય કે પુત્રી લગ્ન કરે અને સંસાર જીવનમાં વળોટાય.

કારકિર્દીમાં વ્યસ્ત સંતાનો વડીલો જ્યારે લગ્ન માટે વાત કરે ત્યારે અત્યારે નહીં, હજી વાર છે. થોડો ટાઈમ જવા દો એવું કહી વાતને ટાળવાની કોશિષ કરે છે. બદલાતો સમય એવો ચાલી રહ્યો છે જેમાં લગ્ન કરવા કે નહીં એ દરેકની અંગત બાબત હોવાથી અને જીવન સાથી બનનાર અજાણી વ્યક્તિનો સ્વભાવ, શોખ, સંસ્કાર કેવા હશે? એ છૂપો ભય અને હાલે સર્વત્ર વધતા જતા છૂટા પડવાના બનાવો ને લીધે. તેઓ સહજીવન સંબંધ બાંધવા ઉત્સુક નથી હોતાં. પણ વડીલોની સમજાવટ, દબાણ પછી તૈયાર થાય છે.

પુત્ર પરણે એટલે ઘરમાં નવવધૂનું આગમન થાય. લક્ષ્મીના પગરણ થાયને સારો સમય આવે. સમય જતાં સંતાનોના જન્મથી ઘર ભર્યું ભર્યું બની જાય. જ્યારે દીકરી પરણીને સાસરે જાય એટલે તેની ગેરહાજરીને લીધે ઘર સૂનું સૂનું થઈ જાય. કામમાં હાથ દેનારી માતાની ટેકણ લાકડી વગર ઘરના કામનો બોજો વધી જાય.

પરિણય જીવન એટલે લગ્ન એટલે બે વ્યક્તિ. બે શરીરનું મળવું નથી પણ બે પરિવારનું જોડાણ છે. સગાઈ પહેલાં જ બન્ને પક્ષે મૂળભૂત અગત્યની જરૂરિયાતોને લઈ ખુલાસાથી અને નિખાલસ રીતે ચોખવટો થઈ જાય તો પાછળ કંઈ પ્રશ્નો ઊભા ન થાય. લેતી દેતી, બંન્નેના નોકરી માટેના ખ્યાલ, દેશ વિદેશમાં ઠરી ઠામ થવાના વિચાર, દિયર, નણંદ, સાસુ, સસરા સાથે રહેવા વિષે વિગેરેના સ્પષ્ટપણે વિચારો એકબીજાને જણાવી દેવામાં આવે તો પછી કંઈ પ્રોબ્લેમ આવવું શક્ય નથી રહેતું. બંન્ને પક્ષો વચ્ચેની સમજણ, સંસ્કાર, ખાનદાની અને સહકારથી ભવિષ્યમાં પણ જો કંઈ ખટાશ પડે કે મન મુટાવ થાય તો પણ કંઈ ઘેરી અસર થતી નથી. આવી તિરાડો વડીલોની મધ્યસ્થથી ઝટ ભરાઈ જાય છે.

ઉચ્ચ શિક્ષણ, ઊંડી સમજણ અને ઉમદા સંસ્કારો બંન્ને પાત્રોમાં હોય તો સંસાર જીવન જેમ જેમ દિવસો વીતે તેમ તેમ નિખરતો જાય છે. બંન્નેના માતા-પિતાનો બિનજરૂરી હસ્તક્ષેપ, ચડામણી, સંતાનોનું જીવન ડામાડોળ કરે છે. પ્રેમ, વિશ્વાસ, સમર્પણ, કાળજી, આદરભાવ, સેવાનો સતત ભાવ હૈયે હોય તો જીવનનું ગાંડુ મસ્ત થઈને આગળ વધે છે અને એમાં સવારી કરનાર ગૃહસ્થાશ્રમનો આનંદ માણે છે.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# હારજો હિમ્મત થી પણ હિમ્મત ન હારતા દીપેશ ધરમશીનો જીવનમંત્ર

## અગિયાર વર્ષનો લાંબો સમય સતત ઓપરેશન, વિવિધ બીમારીઓની હાર માળા છતાં હિંમત અને હોંસલો હિમાલય જેટલો




મૂળ સુથરી હાલે પ્રતાપ નગર નિવાસી વડોદરાના ૩૭ વર્ષીય દીપેશ જયચંદભાઈ નવીનચંદ્ર ધરમશી વર્ષ ૨૦૧૦ના જન્મદિવસની ઉજવણી કરી બાઈકથી પરત ઘરે આવી રહ્યો હતો ત્યારે એકસીડન્ટ થયો અને મોઢા ઉપર કાચની કરચો વાગી. F.Y.B.Com સુધી અભ્યાસ કરેલ અને ફોટો ડિઝાઈનીંગનું ઓનલાઈન કામ કરતાં દીપેશ ધરમશીની કરમ કઠણાઈ એ દિવસથી શરૂ થઈ. જે આજ દિવસ સુધી સતત ૧૧ વર્ષથી સતત નવા નવા રોગ, દર્દ અને બીમારીઓના ઈલાજ કરતાં કરતાં અને અનેક ઓપરેશનોમાંથી પસાર થઈ આજે પણ એન્ટીબાયોટિક દવાઓની આડઅસર રૂપે વિવિધ બીમારીઓથી પીડાઈ રહ્યો છે.



એક્સીડન્ટ પછી ઈલાજ રૂપે હાઈ એન્ટીબાયોટિકની આડઅસરને લીધે તેની અસર બંન્ને કીડની પર થઈ. જેને લીધે ડાયાલિસીસ પ્રોસેસની શરૂઆત થઈ. જે જૂન ૨૦૧૧ સુધી સતત ડાયાલિસીસ પર રહ્યાં. ૨૦૧૨માં અમદાવાદની સિવીલ હોસ્પિટલમાં પહેલી કિડની ટ્રાન્સપ્લાન્ટ સફળ રીતે થયું ત્યાર બાદ બ્લડરમાં કોઈક મેડિકલી ઈસ્યુને કારણે યુટીઆઈ પ્રોબ્લેમ શરૂ થયો. જેનો ઈલાજ અન્ય બીમારીઓના ઈલાજની સમાંતરે ચાલતો રહ્યો. નાના નાના ઓપરેશન પણ થતાં રહ્યાં. વર્ષ ૨૦૧૩ બીએનઆઈએનું ઓપરેશન થયું ૨૦૧૪માં પ્રોસ્ટેટનું ઓપરેશન તયું પણ તે ફેલ થયું. જે માટે ઓપરેશન કર્યા પણ પ્રોબ્લેમ જેમનો તેમ જરહ્યો. ફરી ૨૦૧૬ની સાલમાં પ્રોસ્ટેટનું ફરી ઓપરેશન કર્યું તે બાદ બ્લેડરનું ઓપરેશન કર્યું. તે પછી મ્યુકલ બાઈક્રોસી ફંગલ ઈન્ફેક્શનથી પીડિત થયા જેના લીધે જમણી બાજુનું પેટ કાપવું પડ્યું જેને લીધે ઈન્ફેક્શનની દવાઓને પરિણામે પપ્પાએ આપેલી કિડની ફેલ થઈ ગઈ. આમ ૨૦૧૮થી પાછું ડાયાલિસીસ શરૂ થયું જે ૨૦૨૦ સુધી ચાલુ રહ્યું. ૨૦૨૦ રક્ષાબંધનના દિવસે કિડની ટ્રાન્સપ્લાન્ટનું ઓપરેશન થયું જે અન્ય દાતા દ્વારા મળેલ હતી.

સેકન્ડ કિડની ટ્રાન્સપ્લાન્ટ પછી હરણીયાની તકલીફ થઈ. સ્ટીરોઈડ દવાઓને લીધે ડાયાબિટીસની બીમારી ગળે વળગી ગઈ અને આડઅસર રૂપે વજન ૧૫૦ કિલો થઈ ગયું છે. હવે ઓપરેશન કરતાં પહેલા ચરબી ઉતારવવા માટે બેરિયાટ્રક ઓપરેશન કરી વજન ઘટાડવા માટે સર્જરી કરવા માટે ડોક્ટરોની સલાહ છે. અત્યારે સ્ટેજ એવા તબક્કે છે કે નેક્સ્ટ ઓપરેશન કરવા માટે ડોક્ટરોને પણ સક્સેસ થવાનો વિશ્વાસ નથી રહ્યો. જે માટે ડોક્ટરો ઓપરેશન દરમ્યાન કંઈ પણ થઈ

# હારજો હિમ્મત થી પણ હિમ્મત ન હારતા દીપેશ ધરમશીનો જીવનમંત્ર



શકે છે એવું સ્પષ્ટ તેમને જણાવી દીધું છે. આમ છતાં તેમનો જીંદગી જીવવાનો હોંસલો બુલંદ છે. હૈયામાં હામ અને હિંમત અકબંધ છે. ઊલટું તેઓ અન્યોને કોઈપણ વિપરીત પરિસ્થિતિ, સંજોગોમાં કોઈપણ સંજોગોમાં નિરાશ ન થવાની સલાહ આપે છે.

હારજો હિંમતથી પણ હિંમત ન હારતાં. કારણ કે જિંદગી ન મિલેંગી દોબારા આ સૂત્રને આત્મસાત કરીને તેઓ પોતે અને પરિવારમાં પતા, પત્ની અને પાંચ વર્ષનો પુત્ર ધૈર્ય બાંધીને વિપરીત સંજોગોમાં અડગ રહીને લડી રહ્યાં છે. ન કોઈ જાતના રોદણાં, ન નસીબને દોષ દેવું કે ન તો પ્રભુ પરમાત્મા સામે ન કોઈ ફરિયાદ. દીપેશ ધરમશી-Dipesh Dharamshi નામે યુટ્યુબ ચેનલ પર લોકોને મોટીવેટ કરી પ્રેરણા આપે છે. આપણી પોતાની સોચ વિચારધારા હિંમત કા હતાશા આપે છે એવું તેઓ જણાવે છે.

વર્ષ ૨૦૧૧ ઉંમરના ૨૬મા વર્ષનો જન્મદિવસ તેમને માટે આપતિની હારમાળાનો સર્જક બન્યો અને હાઉસ અને હોસ્પિટલના ચક્કર લગાવતા કર્યો. એ બાદ ફેસબુક પર જખૌ-જલગામના નાગડા પરિવારની પ્રિયંકા જોડે ફ્રેન્ડશીપ થઈ. વિચાર મેળ જામ્યા. સાથે જિંદગી વિતાવવાની ઘડી આવી ત્યારે દીપેશએ પોતાની શારીરિકો તકલીફ બિમારી અને કીડની ફેલ વિગેરે કોમ્પલીકેશન વિષે બધું જણાવી દીધું તે છતાં ભવિષ્યની જીવનસાથી આ બધું સંગે રહીને સાથ આપવા મન બનાવી લીધું ત્યારે અંતે પરિવારના રાજીપા સાથે પરિણય બંધનમાં બંધાયા. આજે તેમનો પાંચ વર્ષનો પુત્ર દેવ તેમના જીવન જીવવાના કિરણ સમો પ્રકાશ અર્પે છે. માતા જયશ્રીબેનને વર્ષ ૨૦૧૬માં ખોઈ દીધા. પિતા હવે નિવૃત્ત જીવન વિતાવે છે. પુત્રને પોતાની એક કિડની આપી જે પણ પુત્ર માટે વધુ ઉપયોગી ન થઈ શકી.



વડોદરાની લોકલ ન્યૂઝ ચેનલ Gtpl ની સાથે તેમની મુલાકાતનો ૨૬.૪૮ મિનિટનો વીડિયો લીંક https://fb.watch/a6wVKKwAXX/ ઉપર જોઈ શકો છો. તે છતાં તેમની સાથે માહિતી જાણવા સમજવા માટે મો.નં.૮૦૦૦૮૬૬૬૧૪ ઉપર દીપેશ ધરમશી સાથે સંવાદ વિમર્શ કરી શકો છો. તેમની ઈચ્છા છે કે કોઈ નેશનલ ચેનલ ઉપરથી પોઝિટીવ વિચાર શેર કરવાની ઈચ્છા ધરાવે છે જેથી બીમારીઓની ભરમારને કારણે હતાશા અનુભવતા લોકોના મન-વિચાર મક્કમ થાય. મજબૂત થાય.

સતત પીડા યાતના ભર્યો ૧૧ વર્ષનો લાંબો ગાળો, ૧૧ થી વધુ ઓપરેશન, પરિવારની ચિંતા, કારકીર્દિનો અંધકારમય ભવિષ્ય, દવા સારવાર ઓપરેશનના લાંબા-બીલ છતાં જીવન પ્રત્યે ન કોઈ ફરિયાદ આવો જઝબો ધરાવી દીપેશ અન્યોને પ્રેરણા આપી રહ્યો છે. પથ પ્રકાશ આપી રહ્યો છે. સલામ છે તેની હામ, હિંમત અને હોંસલાને.

## શ્રી સમસ્ત મહાજનની વિવિધ કમિટીની વેબસાઈટ-સોફ્ટવેર માટે ઉદારદિલથી યોગદાન આપનાર

# શ્રી પારોલા ક.દ.ઓ.શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ સંચાલિત શ્રી દીપક દામજી પોલડિયા સાધર્મિક સહાય ફંડ અને દાતાશ્રીની અઢળક અનુમોદના... અનુમોદના





શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન દ્વારા ડિસેમ્બર ૨૦૧૮ના નલિયા ખાતે ભવ્ય ચતુર્થ જ્ઞાતિ સંમેલન યોજાયેલ. જેમાં જ્ઞાતિજનોને માટે વિવિધ પ્રવૃત્તિઓ આવરી લેતી કમિટીઓનું ગઠન થયેલ અને એ કમિટીઓ જે કાર્ય કરશે એનો મુસદ્દો ઘડાયેલ. ત્યારબાદ વિવિધ કમિટીઓમાં પદાધિકારીઓ સભ્યો નિમાયા અને આમ સમસ્ત મહાજનની કમિટીઓની પ્રવૃત્તિમાં જોડાઈ શકે, લાભ લઈ શકે એ માટે વેબસાઈટ હોવી જરૂરી હતી. વેબસાઈટ અને તેને આધાર આપતું સોફ્ટવેર બહુ જરૂરી હતું અને ખર્ચાળ પણ હતું.

સમાજ માટે થતું કાર્ય એ પ્રત્યેક જ્ઞાતિજનના સહભાગથી થતું હોય છે. સૌના સાથ સહકારથી જે તે કાર્ય સોહામણું થાય છે. એ ફરજ સમજી-જાણી **શ્રી પારોલા કચ્છી દશા ઓસવાળ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ સંચાલિત દીપક દામજી પોલડિયા સાધર્મિક સહાય ફંડ અને દાતાશ્રી** દ્વારા શ્રી સમસ્ત મહાજનના ભૂતપૂર્વ ટ્રસ્ટી સ્વ.શ્રી દીપક દામજી પોલડિયાની પાવન સ્મૃતિમાં શ્રી સમસ્ત મહાજનની વેબસાઈટ જરૂરિયાત માટેના સોફ્ટવેર કાજે રૂા.૧૧,૦૦,૦૦૦.૦૦ (અગ્યાર લાખ) પૂરાનું માતબર દાન આપવાની જાહેરાત સમસ્ત મહાજનના ભૂતપૂર્વ મેનેજીંગ ટ્રસ્ટી સ્વ. શ્રી તિલોકચંદભાઈ નરશીભાઈ દંડએ પારોલા શ્રી સંઘ વતી જાહેર કરેલ. આમ આ વેબસાઈટ આજ દિવસ સુધી જ્ઞાતિજનો કાજ બહુ ઉપયોગી થઈ છે. જેની પાછળ શ્રી પારોલા સંઘ અને ઉદારદિલ દાતાના પીઠબળ, દીર્ઘદ્રષ્ટિ ભર્યા સહકાર અને યોગદાનનો અમૂલ્ય ફાળો છે. એ નોંધવું જરૂરી છે.


એપ્રિલ ૨૦૧૯માં મહાજનનો મેડાવો માં વેબસાઈટનું લોકાપર્ણ કરાયેલું તે સમયે મેડિકલ કમિટીની સંજીવની એપ કાર્યરત હતી, જેનું નિદર્શન એ સમયે કરાયું હતુ. જેનો અહેવાલ સમસ્ત મહાજનના ઈ-મેગેઝિન જ્ઞાતિમૈયાના સળંગ અંક ૪૫માં છપાયેલ. જેમાં શરત ચૂક ને લીધે શ્રી પારોલા સંઘ અને દાતાશ્રીનું નામોલ્લેખ યોગ્યપણે કરાયું ન હતું. જેનો રંજ છે. આ થયેલ ચૂક માટે ક્ષમા પ્રાર્થી છીએ.

આ બાબતનો પત્ર સમસ્ત મહાજન વતી સેક્રેટરી જનરલ નીશિથ દંડ એ શ્રી પારોલા ક.દ.ઓ.શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘને ઉદ્દેશી મોકલાવેલ છે.

વેબસાઈટ અને સોફ્ટવેર માટે જરૂરી માતબર યોગદાન આપનાર શ્રી પારોલા ક.દ.ઓ.શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ અને તેના સર્વે પદાધિકારીઓ અને દાતા સ્વ.શ્રી દીપક દામજી પોલડિયાની સમસ્ત મહાજન અઢળક અનુમોદના કરે છે.

આ અગાઉ નક્કી કરેલ તે પ્રમાણે બે વર્ષ માટે સમસ્ત મહાજનની વેબસાઈટ પર શ્રી પારોલા સંઘ તથા દાતાશ્રીનું નામ રાખવાનું હતું, પણ શ્રી સંઘ તથા દાતા પરિવારની વિનંતી અને લાગણીને માન આપી એપ્રિલ ૨૦૧૯થી માર્ચ ૨૦૨૪ એમ પાંચ વર્ષ માટે સદર નામોલ્લેખ રાખવામાં આવશે એવી સંમતિ સમસ્ત મહાજનના સર્વે અધિકારીઓ દ્વારા થઈ છે. પુનઃ એકવાર શ્રી પારોલા સંઘ તથા દાતા પરિવારની ભાવપૂર્વક અનુમોદના, અનુમોદના.

# કોઠારા જૈન સમાજના અગ્રણી અને વિવિધ સેવા સંસ્થાઓ સાથે જોડાયેલા મુરજીભાઈ નરશી શાહનું નિધન થતાં શ્રધ્ધાંજલિ અપાઈ



કોઠારા ગામના આગેવાન અને કોઠારા જૈન સમાજના અગ્રણી મુરજીભાઈ નરશી શાહનું અવસાન થતાં શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન શ્રી કોઠારા દ્વારા શોકસભા યોજી તેઓશ્રીની સેવાઓને બિરદાવી અંજિલ આપવામાં આવેલ. કોઠારા મહાજનશ્રીના ટ્રસ્ટી દિનેશભાઈ એલ.અજાણીના અધ્યક્ષસ્થાને શોકસભા કોઠારા જૈન ઉપાશ્રય મધ્યે મળી હતી. કોઠારા જૈન દેરાસર, કોઠારા પાંજરાપોળ કોઠારા ભોજનશાળા, કોઠારા જી.ટી.હાઈસ્કુલ, કોઠારા વ.ક.નાથા છાત્રાલય, કોઠારા સાર્વજનિક દવાખાનું, વસઈ જૈન તીર્થ ભોજનશાળા, અમદાવાદ જૈન સમાજ તથા અનેક વિધ સંસ્થાઓમાં તેઓશ્રીએ સેવાઓ આપી હતી. કોઠારા મહાજનશ્રીના ટ્રસ્ટી પદે ૩૯ વર્ષ સુધી સેવાઓ આપી હતી. કોઠારા ગામના વિકાસ માટે હરહંમેશ જાગૃત રહી રચનાત્મક પ્રવૃત્તિઓ કરી, વિવિધ કાર્યક્રમો યોજી સમાજ તથા ગામને ખૂબજ ઉપયોગી બન્યા હતા. મેનેજીંગ ટ્રસ્ટી નલિનભાઈ અજાણીના શોકસંદેશનું વાંચન કરવામાં આવેલ. પ્રભાતસિંહ જાડેજા, દિનેશ લોડાયા, પ્રદિપ મુનવર હીરાલાલ જીવાણી, તોરલબેન શાહનંદ તથા કોઠારા જૈન સમાજ અને સંસ્થાઓએ તેઓશ્રીની સેવાઓને બિરદાવી શ્રદ્ધાંજલિ આપી હતી. સંચાલન પ્રબોધન મુનવરે કર્યું હતું. શાહ પરિવાર વતી ધનપતિ લોડાયાએ આભાર વ્યક્ત કર્યો હતો.

# ગોરેગામ સંઘમાં શક્રસ્તવ અભિષેક દ્વારા ધર્મ આરાધનાઓ કરાઈ





તા.૨૮ ડિસેમ્બર મંગળવારના શ્રી ગોરેગામ અચલગચ્છ સંઘના શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના નૂતન જિનાલયમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુ જન્મ કલ્યાણકની ઉજવણી પ.પૂ. આ.શ્રી મોક્ષગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી ધ્યાનગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨ ની પાવન નિશ્રામાં શક્રસ્તવ અભિષેક દ્વારા ધર્મઆરાધનાઓ ભવ્યતાથી કરાઈ.

# જ્ઞાન વિથ ગુરૂદેવનો રસપ્રદ ૧૦મો મણકો રીલીઝ

હમારે સવાલ ગુરૂદેવ કે જવાબ શ્રેણી અંતર્ગત વૈભવ મનોજ લોડાયાએ આજ સુધી નવ એપિસોડ યુટ્યૂબ મુલાકાતના વીડીયો અપલોડ કર્યા છે. આ વખતે ૧૦મો મણકો ૮ મિનીટનો યુટ્યૂબ લિંક https://youtu.be/dc6cbID1aSE પર મૂકેલ છે. જેમાં ધર્મજ્ઞાન વિષેની રસપ્રદ ચર્ચા યુવા પ્રવચનકાર પ.પૂ.મુનિ શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા. સાથેનો જ્ઞાનવર્ધક ચર્ચા વાર્તાલાપનો અમૂલ્ય લાભ આ સવાલ જવાબની શ્રેણીમાંથી મળે છે. જે જોવું, સાંભળવું લહાવો છે.

## કચ્છી ભવન પાલીતાણા તીર્થે પ.પૂ.ગણિવર્યશ્રી રાજરત્નસાગરજી મ.સા.નું ભવ્ય સામૈયું કરાયું





શ્રી પાલીતાણા તીર્થે કચ્છી ભવન મધ્યે શ્રી નીત રૂચિ ગુણગુણોદય ગુલાબ વસંત શત્રુજ્યતીર્થ ૯૯ યાત્રા પ્રસંગે પધારેલા પ.પૂ.ગુણિવર્ય શ્રી રાજરત્નસાગરજી મ.સા. આદિ શ્રમણ શ્રમણી ભગવંતોનું ભવ્ય રીતે વાજતે ગાજતે સામૈયું કરાયું હતું. સંઘના અસંખ્ય શ્રાવક શ્રાવિકો આ સામૈયા જોડાઈ ઉત્સાહ બતાવ્યો હતો.




## અચલગચ્છાધિપતિ પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબનો સંભવિત વિહાર કાર્યક્રમ



અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. તા.૨૬ ડિસેમ્બર રવિવારના અગાસી તીર્થે છ'રિ પાલિત સંઘની ભવ્ય પૂર્ણાહૂતિ પશ્ચાત તા.૨૭ ડિસેમ્બર સોમવારના વિહાર કરી જીવદયા ધામ સાંજે ગુરૂકુલ, તા.૨૮ ડિસેમ્બર મહાલક્ષ્મી પંપ સાંજે યુનાઈટિડ પંપ બુધવાર તા.૨૯ ડિસેમ્બર એશિયન પંપ સાંજે ગંજાડ, તા.૩૦ ડિસેમ્બર ગુરૂવાર દહાણું સાંજે રાજેન્દ્રધામ તા.૩૧ ડિસેમ્બર શુક્રવારના ઉમરગામ, તા.૧ જાન્યુઆરી ૨૦૨૨ શનિવારના ચાણક્ય નગરી થઈ તા.૨ જાન્યુઆરી રવિવારના વાપી, સોમવાર તા.૩ જાન્યુઆરી ટુકવાડા-ઉદવાડા-૯૩૭૫૯૨૨૨૫૧, મંગળવાર તા.૪ જાન્યુઆરી અતુલ-૯૭૧૨૫૦૪૭૩૯, તા.૫ જાન્યુઆરી બુધવાર ડુંગરી-૯૯૦૯૦૮૦૩૧૮, તા.૬ જાન્યુઆરી ગુરૂવાર ગણદેવી-૯૮૨૪૯૧૨૪૨૪, તા.૭ જાન્યુઆરી શુક્રવાર ગણદેવી-૯૮૨૫૮૨૭૯૯૦, શનિવાર તા.૮ જાન્યુઆરી બુધ્ધિસાગર વિહારધામ-૯૬૬૨૭૯૫૦૩૪, તા.૯ જાન્યુઆરી રવિવાર તા.૧૦ જાન્યુઆરી સોમવાર સુરત-૯૩૨૭૪૭૬૮૫૭, તા.૧૧ જાન્યુઆરી મંગળવાર સાયણ-૯૨૫૪૮૬૭૮૮, તા.૧૨ જાન્યુઆરી બુધવાર કોસમ્બા, તા.૧૩ જાન્યુઆરી ગુરૂવાર અંકલેશ્વર-૯૩૨૮૪૪૦૦૪૦, શુક્રવાર તા.૧૪ જાન્યુઆરી ભરૂચ, તા.૧૫ જાન્યુઆરી શનિવાર અસુરિયા-૭૮૭૪૨૨૨૮૧૩, તા.૧૬ જાન્યુઆરી રવિવાર પાલેજ-૯૮૭૯૦૧૮૪૧૫, સોમવાર તા.૧૭ જાન્યુઆરી માંગલેજ-૬૩૫૨૪૫૩૭૮૨, તા.૧૮ જાન્યુઆરી મંગળવાર વરણામા તીર્થ-૯૯૭૯૮૯૫૩૬૪, બુધવાર તા.૧૯ જાન્યુઆરી વડોદરા-૯૮૨૫૦૨૯૨૦૨ આ પ્રમાણે સંભવિત વિહાર કાર્યક્રમ છે. વધુ વિગત માટે સંપર્ક રણછોડ-૮૩૬૯૩૮૦૬૯૦, અજય-૮૬૯૦૦૮૮૦૩૮.

# ૯૦ વર્ષીય તપોરત્ન વર્ધમાન તપોનિધિ પ.પૂ.મુનિરાજ શ્રી હ્રીંકારસાગરજી મ.સા.ના આયંબિલ તપ મહાકુંભનો નાલાસોપારાથી મહાપ્રારંભ




જેમના હમણાં ૯મી જન્મશતાબ્દિ ચાલુ છે એવા અનેક લક્ષ ક્ષત્રિય પ્રતિબોધક અચલગછેશ જયસિંહસૂરીની જન્મભૂમિ નાલાસોપારા નગરથી ૯૦ વર્ષીય તપોરત્ન વર્ધમાન તપોનિધિ પ.પૂ.મુનિરાજ શ્રી હ્રીંકારસાગરજી મ.સા.ના આયંબિલ તપ મહાકુંભના મહાતપનો પ્રારંભ ૧૦૦મી ઓળી સોમવાર તા.૧૦ જાન્યુઆરી ૨૦૨૨ના પ્રારંભ અને ૧૦૦મી ઓળી પૂર્ણતા તા.૨૦ એપ્રિલ ૨૦૨૨ બુધવારના રોજે.

આજ્ઞા આશીર્વાદ સંઘ કૌશલ્યાધાટ, સાહિત્ય દિવાકર રાજસ્થાન દક્ષિણ દીપક અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા., શુભકામના ૨૧ વર્ષીતપના આરાધક, અજોડ શાસન પ્રભાવક પ.પૂ. આ.ભ.શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા., પ્રવચન પ્રભાવક પ.પૂ.મુનિરાજ શ્રીપૂર્ણભદ્રસાગરજી મ.સા. આદિ શ્રમણ શ્રમણીવૃંદ, તારક નિશ્રા આગમ દિવાકર પ્રશમ રસનિધિ પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા., ગુરૂગુણ કૃપા પાત્ર, કચ્છ કોહીનૂર પ.પૂ.ગણિવર્ય શ્રી કમલપ્રભસાગરજી મ.સા. આદિ શ્રમણ શ્રમણીવૃંદ.

તા.૧૦ જાન્યુઆરી સોમવારની ઉગતી પ્રભાતે સવારના ૯.૩૦ કલાકે પ્રવચન, અનુમોદના કાર્યક્રમની વચ્ચે સામૂહિક આયંબિલની સાથે તપયાત્રાની સારથી બની સમગ્ર સમાજને આયંબિલ બનાવવા પૂ.મુનિરાજ શ્રી આયંબિલના પચ્ચખાણ લેશે. શ્રી નાલાસોપારા સ્ટેશન અચલગચ્છ જૈન સંઘના આંગણે. આ ઐતિહાસિક શુભ ક્ષણના સાક્ષી બનવા સકલ સંઘને ભાવભર્યું આમંત્રણ સંઘના ટ્રસ્ટીગણ તથા કારોબારી સભ્યો વતી પ્રમુખ હેમંત કલ્યાણજી દેઢિયા મોટી ઉનડોઠ દ્વારા અપાયું છે.

મહાન વર્ધમાન તપના તપને પૂર્ણ કરનારા ૧૦૦મી ઓળીના મહાનાયક પૂજ્યશ્રીની અનુમોદના કરવા આપણે પણ વર્ધમાન તપની તળેટીએ અર્થાત તપના પાયાથી પ્રારંભ કરીએ. આવો સૌ વર્ધમાન તપનો પાયો ભરી આ તપના મંડાણ કરીએ.

શ્રી સંઘોને આહ્વાન સાંકળ આયંબિલ તપ મહાતપના ધારક પૂ.મુનિરાજ શ્રી મોટી ઉંમરે ૧૦૦ આયંબિલ કરશે. તો આપણે સૌ સકલ સંઘ એમને માત્ર ૧ આયંબિલ કરીને સાથ આપીએ. કચ્છ, મુંબઈ દેશાવરના સર્વે સંઘો... તમારા સંઘમાં સાંકળ આયંબિલના નામ લઈને જણાવશો. ખૂબજ સરળતાથી સાંકળ આયંબિલના સૌ જોડાઈને સમગ્ર સમાજને આયંબિલમય બનાવીએ.

ભાગ્યશાળી શાસન પ્રેમીઓ આજે જ નામ લખાવી મહાકુંભમાં આપણે પણ અંજલિ આપીએ. કર્મને કાપીએ. તમારૂં નામ લખવા તત્પર છીએ કુલીનભાઈ ખોના (સોનગઢ)-૯૩૨૮૯૦૫૧૨૭, કીર્તિભાઈ હરિયા (ભાંડુપ)-૯૮૬૭૩૭૬૩૯૯, જેકીનકુમાર દેઢિયા (ઘાટકોપર)-૮૦૮૦૪૪૦૧૭૧, હેમંતભાઈ દેઢિયા (નાલાસોપારા)-૯૦૭૫૮૮૯૯૮૯, ભવાનજીભાઈ મહેતાજી (નાલાસોપારા)-૯૯૭૦૬૬૧૪૪૦, વિરેન ગોસર (કાંદિવલી)-૯૯૬૭૦૬૮૯૮૨.

૯૦ વર્ષના મહાતપના સારથી આપણને મળ્યા હોય ત્યારે આપણને પણ તા.૧૦ જાન્યુઆરી ૨૦૨૨ સોમવારથી સળંગ ૧૦૦ દિવસ આયંબિલ કરીને એમના વર્ધમાન તપના શિખરે પહોંચાડવા સાથ આપીને સાચી અનુમોદના કરીએ.

વર્ધમાન તપ પાયાના પાંચ રાઉન્ડ ● પોષસુદ ૮ સોમવાર, તા.૧૦-૧-૨૦૨૨ થી પોષ વદ ૧૩ શનિવાર, તા.૨૯-૧-૨૦૨૨ ● પોષ વદ ૧૪ રવિવાર, તા.૩૦-૧-૨૦૨૨થી મહાવદ ૩ શુક્રવાર તા.૧૮-૨-૨૦૨૨ ● મહાવદ ૪ શનિવાર, તા.૧૯-૨-૨૦૨૨થી ફાગણ સુદ ૮ ગુરૂવાર તા.૧૦-૩-૨૦૨૨ ● ફાગણ વદ ૯ શુક્રવાર તા.૧૧-૩-૨૦૨૨થી ફાગણ વદ ૧૩ બુધવાર, તા.૩૦-૩-૨૦૨૨ ● ફાગણ વદ ૧૪ ગુરૂવાર તા.૩૧-૩-૨૦૨૨ થી ચૈત્ર વદ ૩ મંગળવાર, તા.૧૯-૪-૨૦૨૨.

# પૂ.ગચ્છાધિપતિના સ્વમુખે અગાસી તીર્થમાં દિક્ષાર્થી મુમુક્ષુ કિંજલબેનને ભગવતી દીક્ષાનું શુભ મુહૂર્ત પ્રદાન કરાયું





ભાંડુપ અગાસી તીર્થ છ'રિ પાલિત સંઘની પૂર્ણાહૂતિ એ સંઘમાળના અવસરે તા.૨૬ ડિસેમ્બર રવિવારના સવારે અદ્‌ભૂત ઉલ્હાસ ભર્યા માહોલ વચ્ચે પરિવારજનો અને ચર્તુવિધ સંઘની ઉપસ્થિતિમાં પ.પૂ. ગચ્છાધિપતિ આ.ભ.શ્રી કલાપ્રભસાગરજી મ.સા.ના સ્વમુખે વારાપધ્ધર-સાંગલીના દિક્ષાર્થી મુમુક્ષુ કુ.કિંજલબેન લહેરચંદ ભવાનજી પરબત મોતાના ભગવતી દીક્ષ અંગિકારનું શુભ મુર્હુત મહાસુદ સાતમ તા.૭ ફેબ્રુઆરી ૨૦૨૨ સોમવાર પાલીતાણા તીર્થનું પ્રદાન કરાયું અને પ્રવજ્યા મહોત્સવ મંગલમય રીતે સકુશલ માહોલમાં સંપન્ન થાય એ મંગલકામના સહ આશીર્વાદ આપ્યા.

## ગણિવર્ય ગુરૂદેવ પ.પૂ.શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ની નાલાસોપારા તીર્થે સ્થિરતા

ગણિવર્ય ગુરૂદેવ પ.પૂ.શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ની પ્રેરણા આશીર્વાદથી ભાંડુપથી અગાસી તીર્થ સુધીની શાનદાર યાદગાર પાંચ દિવસીય છ'રિ પાલિત યાત્રા ૧૨૦૦ શ્રાવક-શ્રાવિકાઓની ભવ્ય ઉપસ્થિતમાં તા.૨૬ ડિસેમ્બર રવિવારના પૂર્ણાહૂતિ થઈ. તા.૨૭ ડિસેમ્બર સોમવારના ગુરૂદેવનો વિહાર નાલાસોપારા તીર્થે થયો. અત્રે ૨૦ દિવસની સ્થિરતા પૂજ્ય સાહેબની રહેશે. દર્શન, વંદનનો લાભ લઈ શકો છો.

# ખાનદેશ રત્ના પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨ નો પાવનભૂમિ પારોલા તીર્થમાં મંગલ પ્રવેશ





ખાનદેશ રત્ના પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨ શનિવાર, તા.૨૫ ડિસેમ્બરના અમલનેર નગરમાં પ્રવેશ કરી તા.૨૬ ડિસેમ્બર રવિવારના પારોલા માટે વિહાર કરતાં પહેલા તપોવનમાં સ્થિરતા કરી. તા.૨૭ ડિસેમ્બર સોમવારે તપોવનથી ૬ કિ.મી.નો વિહાર કરી સવારે ૭ કલાકે ખાનદેશ પ્રાંતની પાવનભૂમિ પારોલા તીર્થ નગરે પ્રવેશ કર્યો. શનિ મંદિર સ્થળે પૂજ્ય સાહેબનું ભવ્ય સામૈયું થયું. પૂજ્ય સાહેબના દર્શન વંદન કરી સંઘમાં ઉલ્હાસનો માહોલ બન્યો હતો.

# ભાંડુપથી અગાસી તીર્થ છ'રિ પાલિત સંઘની પાંચમા દિવસે અગાસી તીર્થે થઈ પૂર્ણાહૂતિ





શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ, શ્રી અનંતનાથજી ટ્રસ્ટ અને શ્રી ક.દ.ઓ.જૈન સંઘ ભાંડુપના સથવારે ભાંડુપથી અગાસી તીર્થ સુધીના છ'રિ પાલિત સંઘનો પાંચમો દિવસ તા.૨૬ ડિસેમ્બર રવિવારના નાલાસોપારાથી પ્રસ્થાન કરી અગાસી તીર્થે પહોંચલ. જ્યાં છ'રિ પાલિત સંઘનું વાજતે ગાજતે ઉમળકાભેર સામૈયુ અને સ્વાગત કરાયું.




અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા., પ.પૂ. આ.ભ.શ્રી મહોદયસાગરજી મ.સા., પ.પૂ. ગણિવર્ય શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. આદિ ઠાણા તથા શ્રમણીવૃંદોની શુભનિશ્રામાં અગાસી તીર્થમાં મુનિસુવ્રત સ્વામી દાદાની છાયામાં સૌ યાત્રિકો ધર્મ ભક્તિ કરી



# ભાંડુપથી અગાસી તીર્થ છ'રિ પાલિત સંઘની પાંચમા દિવસે અગાસી તીર્થે થઈ પૂર્ણાહૂતિ






ધન્ય થયા હતા.

સંઘમાળ થઈ, દીક્ષાર્થી મુમુક્ષુને દીક્ષા મુર્હૂત પ્રદાન કરાયું. ગુરૂપૂજનના લાભાર્થી, કામળીના લાભાર્થી, સંઘપતિ અને સંઘમાતાઓનું બહુમાન કરાવું. સંઘપતિઓ અને યાત્રિકોને મોમેન્ટો આપી બહુમાન કરાયું યુવકોએ સંધ્યા ભક્તિ કરી હતી.




૧૨૦૦ લોકોની ઉપસ્થિતમાં અંતિમ દિવસના ભરચક કાર્યક્રમના હાઈલાઈટનો વીડિયો ૭.૫૨ મિનીટનો https://youtu.be/q4ZfQcr4CzU પર જોઈ માણી ધર્મભક્તિ અને આનંદમાં તરબોળ થઈ લાભ પામી શકો છો.

શ્રી ક.દ.ઓ.જ્ઞાતિ મહાજન મુંબઈ, શ્રી અનંતનાથજી ટ્રસ્ટ અને શ્રી ક.દ.ઓ.જૈન સંઘ ભાંડુપ પાંચ દિવસીય છ'રિ પાલિત સંઘમાં સહભાગ લીધેલ યાત્રિકો, વિવિધ સંઘો અને સહયોગીઓનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરે છે.



## તિરૂપુરના સુવિધિનાથ જૈન દેરાસરમાં પોષ દશમની ત્રણ દિવસીય ધર્મ આરાધનાઓ કરાઈ



મંગળવાર, તા.૨૮ ડિસેમ્બરથી તા.૩૦ ડિસેમ્બર ગુરૂવાર ત્રણ દિવસની પોષ દસમની ધર્મ આરાધનાઓ તિરૂપુર સંઘના શ્રી સુવિધિનાથ જૈન દેરાસરમાં કરાઈ. પ્રથમ દિવસે સાકર પાણીથી એકાસણા, બીજા દિવસે ખીર એકાસણા અને ત્રીજા દિવસે ભલે ભાનુ એકાસણા થયા. આ આરાધનમાં સંઘના ૪૦ જેટલા શ્રાવક શ્રાવિકાઓ જોડાયા હતા અને ધન્ય લાભ લીધો હતો. લાભાર્થી પરિવાર શ્રી કાર્તિક સંપત રાજ સોલંકી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા બહેનો દ્વારા સામૂહિક રીતે કરાઈ હતી. કાર્યક્રમની વ્યવસ્થા ટ્રસ્ટી રતિલાલ વેરશી અને પ્રતાપ હંસરાજ નાગડાએ પાર પાડી હતી.





## છ'રિ પાલિત સંઘમાં જોડાઈ લાભ પામનાર યાત્રિકોના મનોભાવ

**મીનાક્ષીબેન ડાઘા :** શબ્દ નથી કહેવા કે મને છ'રિ પાલિત યાત્રા સંઘમાં કેવો અનુભવ થયો છે. આ અનુભવ હું ક્યારે ભૂલી શકીશ નહીં. ૫૬ વર્ષની ઉંમરે હું પ્રથમ વાર છ'રી પાલિત સંઘમાં જોડાઈ. આજે હું મારા કર્મ ખપાવવા. મહારાજ સાહેબએ અમને કહ્યું કે છ નિયમનો પાલન કરો. આ પાંચ દિવસ પરિવાર સંસાર સર્વેને ભૂલી ગયા હતા. મહારાજ સાહેબના પ્રવચન સાંજના ભક્તિ આરાધના, વિપુલ છેડાએ ભક્તિ ભાવમાં અમને ભગવાન સાથે મિલન કરાવી દીધું હતું એ અલૌકિક અનુભવ રહ્યો હતો. ભાંડુપ સંઘ, મુંબઈ મહાજન એ અથાગ મહનત કરી સંપૂર્ણ વ્યવસ્થા ગોઠવી હતી. કાર્યકરો ખડે પગે હાજર રહી સેવામાં રત રહેતા હતા. મને મારી નાત પર, કેડીઓ જ્ઞાતિ પર ગર્વ છે. ગર્વ છે મારા સંઘ પર, મારા મહાજન પર. ખરેખર આ છ'રિ પાલિત સંઘ મારા માટે અમૂલ્ય સંભારણું થઈ રહેશે.

**નીલમ રાજેશ છેડા :** પ્રથમવાર છ'રિ પાલિત સંઘમાં જોડાયો જેનો અનુભવ વ્યક્ત કરવા શબ્દો જડતા નથી. સવારના વિહારથી લઈ રાતના પ્રતિક્રમણ સુધી પુરો દિવસ ધર્મ ભક્તિમાં એવા તલ્લીન થઈ જતા હતો કે સંસારને પૂરો ભૂલી ગયા હતા. ભાંડુપ સંઘ, મુંબઈ મહાજનએ સુવ્યવસ્થિત આયોજન કરી એક અલભ્ય અનુભવ આપ્યો એ માટે તેમનો જેટલો આભાર માની એટલો ઓછો છે. I have no words.

**જાગૃતિ ખીરેશ પટેલ :** હું પ્રથમવાર છ'રિ પાલિત સંઘમાં જોડાઈ હતી. જેના અવર્ણનીય અનુભવને વ્યક્ત હું નથી કરી શકતી. સવારના આચાર્ય મહારાજ સાહેબના માંગલિક સાંભળી શરૂઆત થતી હતી અને રાતના ભક્તિભાવથી દિવસ પૂરો થતો હતો. વિહાર એટલી સારી રીતે થયો. ધર્મ આરાધના અતિ ઉત્તમ થઈ. એકાસણાની સુયોગ્ય વ્યવસ્થા હતી. જાણે બત્રીસ ભાતના ભોજન છત્રીસ પ્રકારના પકવાન. દરેક એ પોતાની રીતે આયંબિલ કર્યા, ઉપવાસ કર્યા. અમારી સાથે સૌની ઉપાસના થઈ. આ એક મારી જિંદગીનો સોહામણો અનુભવ રહ્યો. સંઘના, મહાજનના કાર્યકર્તાઓએ અમને કોઈપણ તકલીફ પડવા દીધી નથી. અમારી બેગ પણ અમને ઉપાડવવી ન પડતી તેમની હસ્તક રહેતી હતી. રૂમની સગવડ, જમવાની વ્યવસ્થા પણ સરસ મળતી હતી. ડોક્ટર, નર્સ અને કાર્યરો અમારા માટે ખડે પગે હાજર રહેતા હતા. આ યાત્રામાં જોડાવવાનો અણમોલ અનુભવ બની રહ્યો.

# બાલ મુમુક્ષુ કુમારી રાજવીબેનની દીક્ષાની કંકોત્રીના કંકુ છાંટણા સાથે અઠ્ઠમ તપના આરાધકોને બેઠું વર્ષીદાન કરાયું





બાલ મુમુક્ષુ કુમારી રાજવીબેન સુરેશભાઈ શાહની દીક્ષાની કંકોત્રીના કંકુ છાંટણા તથા અઠ્ઠમ તપ આરાધકો વચ્ચે રાજવીબેનનું બેઠું વરસીદાન કરાયું. પાર્શ્વનાથ દીક્ષા કલ્યાણક પ્રસંગે પાલીતાણા તીર્થના ગુણોદય પુરમ મધે યોજાયેલ. જેમાં પ.પૂ.ગણીવર્ય શ્રી રાજરત્નસાગરજી મ.સા.ની શુભ નિશ્રા પ્રાપ્ત થયેલ હતી.

દીક્ષાર્થી મુમુક્ષુ રાજવીબેનની દીક્ષા તા.૩ ફેબ્રુઆરી ૨૦૨૨ ગુરૂવારના ગુરૂવાર ગુણોદય પૂરમ પાલીતાણા મધે છે.








**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# શ્રી ગુણોદય પૂરમ મધે પ.પૂ.સાધ્વીશ્રી યશોદયાશ્રીજી મ.સા.ના સંયમ સુવર્ણ વર્ષ અનુમોદનાર્થે ૫ છોડનું ઉજમણું કરાયું






પાલીતાણા તીર્થે શ્રી ગુણોદયપૂરમ મધે આત્મનંદી પ.પૂ.સાધ્વીશ્રી મહોદયશ્રીજી મ.સા.ના શિષ્યા જ્ઞાનાનંદી પ.પૂ. સાધ્વીશ્રી યશોદયશ્રીજી મ.સા.ના સંયમ સુવર્ણ વર્ષની અનુમોદનાર્થે ૫ છોડનું ઉજમણું કરાયેલ.







## સમસ્ત મહાજનની બીટુબી કમિટીના સહયોગથી નવી પહેલ

કોરાનાના લાંબા કપરા કાળની અસર સૌના ધંધા, રોજગાર પર પડી છે. જેને લીધે અનેક પરિવારોને આર્થિક, સામાજિક અસરો થઈ છે. આ સમસ્યાને ધ્યાનમાં લઈને જ્ઞાતિમૈયા સમસ્ત મહાજનની બીટુબી કમિટીના સહયોગથી વ્યવાસિકોને નોકરી ખાલી છે એ જરૂરત પૂરી કરવા અને યોગ્ય ધરાવતા જ્ઞાતિજનોને નોકરી જોઈએ છે એ માટે તક મળી રહે એ માટે બીડું ઝડપી તક પૂરી પાડશે.

તો આ વિભાગનો લાભ મળી રહે એ માટે આપની જરૂરિયાતની વિગત મોકલશો જે આ વિભાગ અંતર્ગત લિંકમાં એટેચડ કરાશે.

**જેમની કંપનીમાં નોકરી ખાલી છે તે લોકો અહીં ક્લીક કરીને આ ફોર્મ ભરે**

**નોકરીની જરૂરિયાત વાળા વ્યક્તિ ક્લીક કરીને આ ફોર્મ ભરે**

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# શેત્રુંજય તીર્થની ગોદમાં ગુણોદયપૂરમ આંગણે પોષ દશમીની અઠમ તપની પાંચ દિવસીય પ્રભુ ભક્તિનું ભવ્ય આયોજન થયું





શ્રી શેત્રુંજ્ય તીર્થની ગોદમાં શ્રી ગુણોદયપૂરમના પાવન આંગણે પ.પૂ. ગણીવર્યશ્રી રાજરત્નસાગરજી મ.સા. આદિ વિશાલ શ્રમણ-શ્રમણીના વૃંદના પરમકારી સાંનિધ્યમાં અને આત્મનંદી પ.પૂ.સાધ્વીશ્રી મહોદયશ્રીજી મ.સા.ની શુભ નિશ્રામાં પોષ દશમીની અઠમ તપનું પાંચ દિવસીય પ્રભુ ભક્તિ સહિત ભવ્ય આયોજન થયું. અદ્‌ભૂત ધર્મ આરાધનમાં જોડાઈ ભાવિકો કૃતાર્થ થયા હતા.











# સિધ્ધાચલ તીર્થે ગિરીરાજ ઉપર શ્રી શાંતિનાથ જિનાલયે સ્નાત્ર પૂજા સંઘપતિ પરિવાર તરફથી ભણાવવામાં આવી





શ્રી સિધ્ધાચલ તીર્થ ગિરીરાજ ઉપર શ્રી શાંતિનાથ સ્વામી જિનાલય મધે શ્રી નિત રૂચિ ગુણ ગુણોદય ગુલાબ વસંત શંત્રુજ્ય તીર્થ ૯૯ યાત્રા ઉપક્રમે સ્નાત્ર પૂજા સંઘપતિ પરિવાર તરફથી ભણાવવામાં આવી. ઉપસ્થિત સૌએ ધર્મ આરાધનાનો લાભ પામ્યા હતા.


# ભાવભીની શ્રદ્ધાંજલિ




**ચેતના ધ્રોળ**
તા.૨૫ ડિસે. (ઉ.૭૨)
ગોધરા-યુએસએ



**નારાણજી મૈશેરી**
તા.૨૭ ડિસે. (ઉ.૭૫)
સિધોડી-વિરાર



**મણિલાલ દંડ**
તા.૨૭ ડિસે. (ઉ.૭૧)
ભરૂડિયા-માટુંગા



**હર્ષ નાગડા**
તા.૨૭ ડિસે. (ઉ.૪૪)
તેરા-દેહુ



**રૂપા લોડાયા**
તા.૨૭ ડિસે. (ઉ.૫૩)
ખાવડી મોટી-હૈદરાબાદ



**લીલાવંતી દંડ**
તા.૨૮ ડિસે. (ઉ.૭૯)
તેરા-અમરાવતી



**કલ્પના પોલડિયા**
તા.૨૮ ડિસે. (ઉ.૬૦)
ડુમરા-વસઈ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● ૨૦૨૧ની વસતીને ધ્યાને લઈ દેશની સાથે ગુજરાતનું નવું સીમાંકન બનવાની તૈયારીઓ ચાલી રહી છે. ચર્ચાતી પ્રાથમિક વિગતો મુજબ વર્ષ ૨૦૨૬માં અસ્તિત્વમાં આવનારું રાજકીય સીમાંકન મુજબ કચ્છ જિલ્લાની વિધાનસભા બેઠકો ૬થી વધીને ૯ કે ૧૦ થશે અને લોકસભાની બે બેઠક થશે. અવિધિસર કચ્છની વસતી ૨૫ લાખને પાર કરી ગઈ છે. વિધાનસભાની નવ બેઠકો રચાશે તો નખત્રાણા, ભચાઉ અને મુંદરાનો ઉમેરો થવાની ગણતરી છે.

● ૧૯૭૧ના યુધ્ધની સુવર્ણજયંતિ અવસરે લખપતથી લોંગેવાલા સુધી ૧૫૦૦ કિ.મી.ની બાઈક રેલીને લેફટનન્ટ જનરલ પી.એસ.મન્હાસે લીલી ઝંડી આપી હતી. જાવા મોટર સાઈકલના સહયોગથી યોજાયેલી આ બાઈક રેલીમાં ભારતીય સેના વાયુસેના, નૌસેના, બી.એસ.એફ. તટરક્ષક દળ તથા મીડિયાના કર્મીઓ સહિત ૬૦ જેટલા મોટર સાઈકલ સવાર ભાગ લીધો હતો. લખપતથી ભુજ, અમદાવાદ, ઉદયપુર, જોધપુર, જેસલમેર થઈ આઠમા દિવસે લોંગેવાલા ખાતે ૧૫૦૦ કિમી અંતર કાપીને પહોંચી.

● સ્પાઈસ જેટ એરલાઈન્સ કું દ્વારા કંડલા એરપોર્ટથી મુંબઈ તરફની વિમાની સેવા શરૂ થઈ છે. સ્પાઈસ જેટ કંપનીનું વિમાન નં.એસજી ૩૩૨૭ મુંબઈથી સવારે ૮.૨૫ વાગ્યે ઉપડી ૧૦ વાગ્યે કંડલા આવશે તે જ વિમાન કંડલાથી ૧૦.૨૦ વાગે ઉપડી ૧૧.૩૫ કલાકે મુંબઈ પહોંચશે. આ સેવા દર સોમ, મંગળ, શુક્રવાર અને રવિવાર કાર્યરત રહેશે. હાલમાં કંડલાથી મુંબઈ તરફના હવાઈ માર્ગે એક વિમાની સેવા કાર્યરત છે. તેવામાં આજ રૂટની વધુ એક સેવા, શરૂ થતાં પ્રવાસીઓની સુવિધામાં વધારો થશે.

● મૂળ ભુજની હાલે પોરબંદરની એથ્લેટ નિર્મલા મહેશ્વરીએ દ્વારકા ખાતે યોજાયેલી રાજ્યકક્ષાની એથ્લેટિકસમાં સળંગ ચોથા વર્ષે ત્રણ રમતોમાં ચેમ્પિયન બની ત્રણ ત્રણ ગોલ્ડ હાંસલ કર્યા હતા. ગોળા ચક્ર અને બચ્છી ફેંકમાં ભૂતકાળમાં અનેકવાર જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્ર તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ ત્રણ દેશોમાં ચંદ્રક મેળવનાર નિર્મલા મહેશ્વરી રમતગમતના કોચ ઉપરાંત પત્રકાર છે તે સેલ્ફ ડિફેન્સની તાલીમ કર્તા છે. ભુજમાં કચ્છ અને સૌરાષ્ટ્રની ૨૫ હજાર મહિલાઓને રાજ્ય સરકારની યોજના હેઠળ તાલીમ આપી હતી.

● દેશના પશ્ચિમ છેવાડાના રેલવેના અંતિમ જંક્શન નલિયાને બ્રોડગેજ સેવાથી જોડવા છેલ્લા છ સાત વર્ષથી ગેજ રૂપાંતરનું ચાલતું કામ હવે ટલ્લે ચડી જતાં નારાજગી ફેલાઈ છે. મુંબઈ સાથે ખૂબ નજીકના સંબંધ ધરાવતા આખા તાલુકામાં આ ટ્રેનના મુદ્દે મોટી આશાઓ હોવાથી અટકેલા કામની પુછપરછ હવે પરાકાષ્ટાએ પહોંચી છે. વર્ષ ૧૯૮૯ થી ભુજ નલિયાનો મીટરગેજ વ્યવહાર શરૂ થયો હતો. સંરક્ષણના મુદ્દે વચ્ચે આવતા ગ્રામીણ વિસ્તારને પણ સાંકળવામાં આવ્યા. જે સ્ટેશનો ખાસ એવા દૂર હોવાથી વાહન ભાડે કરીને રેલવે સ્ટેશન પહોંચવું પડતું. મીટરગેજ લાઈનને જાજો પ્રતિભાવ ન મળતાં ટ્રેન બસની સેવા શરૂ કરાઈ. જે પણ એકાદ વર્ષ પછી બંધ કરાઈ હતી. મીટરગેજનો મૃત્યુ ઘંટ વાગ્યો તે પછી છ વર્ષ પૂર્વે બ્રોડગ્રજનું કામ શરૂ થયું અને દેશલપર સુધી કામ પૂર્ણ થયા પછી એન્જિન દોડાવી ટેસ્ટિંગ પણ થયું. કોઠારા સુધી ટ્રેક પાથરવા માટે માટી કામ થયું પણ ટ્રેક ન પાથરવામાં આવતા લોકોનું સપનું ભાંગી પડ્યું છે. બજેટમાં નાણાંકીય જોગવાઈ ના અભાવે ભુજ નલિયા બ્રોડગેજનું સપનું ક્યારે સાકાર થશે તે અનિશ્ચિત છે.


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA